D\Backupdata11/PM7\Touist/Swimmingpool-AHK-1

**કિંમત ₹ ૨૦=૦૦**

પાસપોર્ટ સાઈઝના બે ફોટા પૈકી ૧ ફોટો આ જગ્યાએ ચોટાડવો.

# વડોદરા મહાનગરપાલિકા

**............................ સ્વીમીંગપુલ/બાળ સ્વીમીંગપુલ**

**મ્યુનિસિપલ કમિશનરશ્રી**
**વડોદરા મહાનગરપાલિકા**
(અંગ્રેજીમાં નામ બ્લોક લેટરમાં લખવું)

**શિખાઉ/તરવૈયા**
**ત્રિમાસિક/૧૦ વર્ષ**

નામ...........................................................................................................................

સરનામું.......................................................................................................................

ટેલિફોન નંબર ...................................... ઉંમર ........... જન્મ તારીખ ......................... પ્રવેશપત્રની પાછળ છાપેલા સ્વીમીંગ પુલના નિયમો મેં વાંચ્યા છે અને તે કબૂલ મંજૂર છે. સ્વીમીંગ પુલના સભ્ય તરીકે દાખલ કરવા વિનંતી છે.

....................................
અરજદારની સહી

## ઓળખ અંગેનું પ્રમાણપત્ર (પાન નંબર : ૨ -૨-ઈ મુજબ)

ઓળખ આપનારનું નામ ..................................................................... સહી .......................................

ઓળખ આપનારનું સરનામું ................................................................. સિકકો ....................................

## અરજદારની ઉંમર ૧૮ વર્ષની નીચે હોય તો પિતા/વાલીનું સંમતિપત્ર

પ્રવેશપત્રની પાછળ છાપેલા સ્વીમીંગ પુલના નિયમો મેં વાંચ્યા છે અને તે કબૂલ મંજૂર છે. અરજદારના સ્વીમીંગ પુલના સભ્ય થાય તે માટે મારી સંમતિ છે.

અરજદારના પિતા/વાલીનું નામ ........................................................................ સહી ..........................

સરનામું....................................................................................................... સહી ............................

## માન્ય તબીબનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ........................................................................ તરવા માટે શારીરિક લાયકાત ધરાવે છે. તેમને કોઈ ચેપી કે અન્ય પ્રકારનો રોગ નથી કે જેથી તરવાથી તેમના સ્વાસ્થ્ય કે જીવનને હાની થાય અથવા અન્ય સભ્ય સ્વાસ્થ્ય કે જીવનને હાની થાય.

ડૉકટરનું નામ.................................................................................... સહી ..................................

સરનામું.......................................................................................... સહી ............................................

ડૉક્ટરનો સિક્કો

**સ્વીમીંગપુલના અધિકારીએ ભરવાનું છે.** **ફકત ઓફિસ ઉપયોગ માટે**

પ્રવેશપત્ર મંજૂર કરવામાં આવે છે.
તરવૈયા/શિખાઉ તરીકે દાખલ કરવામાં આવે છે. નીચે પ્રમાણે ફી લેવી

| | | | |
|---|---|---|---|
| પ્રવેશ ફી | ₹ | .............. | બેચ નંબર |
| સભ્ય ફી | ₹ | .............. | |
| શિખાઉ ફી | ₹ | .............. | સભ્ય નંબર |
| કુલ ફી | ₹ | .............. | |

સદરહું સભ્ય ૫૦ મીટર તરી શકે છે. સ્વીમર છે.
તારીખ : – –૨૦૧

ટ્રેઈનર્સ / સીનિયર કોચ / મેનેજર
........................ સ્વીમીંગપુલ

પાવતી નંબર : તારીખ
થી ₹

મેનેજર
........................ સ્વીમીંગપુલ

## વડોદરા મહાનગરપાલિકા હસ્તકના સ્વીમીંગપુલની પ્રવેશ ફી અને પ્રવેશ અંગેના નિયમો

૧. મહાનગરપાલિકાના સ્વીમીંગપુલના સભ્ય થવા માટે ઠરાવેલ નમૂનામાં અરજી કરવાની રહેશે. આ પ્રવેશપત્ર સ્વીમીંગપુલ કચેરીએથી મળી શકશે. તેની કિંમત ₹ ૨૦/-

૨. **સભ્યપદ :**

(એ) સ્વીમીંગપુલના સભ્ય થવા ઈચ્છતી વ્યક્તિની ઉંમર ૧૮ વર્ષથી ઉપર હોવી જોઈએ.

(બી) ૧૮ વર્ષની નીચેના અને ૧૦ વર્ષની ઉપરની વ્યક્તિ સ્વીમીંગપુલના સભ્ય થવા ઈચ્છા ધરાવે તો તેમણે તેમના પિતા/વાલીનું સંમતિ અને વિનંતીનું પ્રવેશપત્રમાં દર્શાવ્યા પ્રમાણે સંમતિપત્ર રજૂ કરવાનું રહેશે.

(સી) દશ વર્ષની નીચેના બાળકો તેમના પિતા કે વાલી સાથે સહસભ્ય થઈ શકશે. તેમની ફી સામાન્ય ફી જેટલી રહેશે. સહ સભ્યની સંપૂર્ણ જવાબદારી માતા-પિતા કે વાલીની રહેશે. **પિતા વાલી તરવૈયા હોવા જરૂરી છે.**

(ડી) શાળાઓ તથા યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓ શાળા તથા યુનિવર્સિટીમાંથી મુખ્ય આચાર્ય તથા ડીનનું પ્રમાણપત્ર લાવશે તેમને વિદ્યાર્થી સભ્ય તરીકે દાખલ કરવામાં આવશે.

(ઈ) સ્વીમીંગપુલના સભ્ય થવા ઈચ્છતા વ્યકિતની ઓળખાણ નીચે પ્રમાણે આપી શકાશે.

૧. મહાનગરપાલિકાના મ્યુનિસિપલ સભાસદ

૨. મહાનગરપાલિકાના અધિકારી (વર્ગ-૨) જેમનો પગાર ₹ ૫૩,૧૦૦-૧,૬૭,૮૦૦/- થી ઓછો ન હોય (ભથ્થા સિવાયનો)

૩. સ્કૂલના આચાર્ય અને કોલેજના ડીન

૪. ગેઝેટેડ સરકારી અધિકારી

(એફ) **૧૦ વર્ષનું સભ્યપદ :**

જેને તરતાં આવડતું હશે તેવી વ્યકિત પર મર્યાદિત રહેશે. જેમને તરતાં નહીં આવડતું હોય તેમને શિખાઉ સભ્ય તરીકેની ફી લઈને ૧૦ વર્ષ માટે સભ્ય બનાવી શકાશે. પણ તેઓને જ્યાં સુધી તરતાં ન આવડે ત્યાં સુધી શિખાઉ ફી ₹ ૨૦૦/- (માસીક) વ્યકિતગત વધારાના ભરવાના રહેશે.

(જી) **બાળ સ્વીમીંગપુલના વધારાના નિયમો :**

૧. બાળ સ્વીમીંગપુલમાં ૫ થી ૧૨ વર્ષની ઉંમરના બાળકો પ્રવેશપાત્ર રહેશે.

૨. બાળ સ્વીમીંગપુલની બેચનો સમય ૪૫ મીનીટનો જ રહેશે. સમય સવારે ૭-૦૦ થી ૧૦-૦૦ તથા સાંજે ૪-૦૦ થી ૭-૦૦ રહેશે.

૩. બાળ સ્વીમીંગપુલના બાળ સભ્યોએ ફલોટીંગ એપ્રેટર્સ જેમ કે ફલોટીંગ રીંગ, આર્મબેન્ડ, ફલોટર્સ વિગેરે સાધનો સભ્યોએ લાવવાના રહેશે.

૩. **મહાનગરપાલિકા સ્ટાફ તથા તેમના કુટુંબના સભ્યો તેમજ મ્યુનિસિપલ પેન્શનર તથા માજી/ચાલુ સભાસદશ્રીઓ :**

શાળા તથા કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને તેમની શાળા કે કોલેજોનાં મુખ્ય આચાર્યનું સર્ટીફીકેટ રજૂ કરવું પડશે. તેની સભ્ય ફી નીચે પ્રમાણે રહેશે (ચાલુ વર્ષનું બોનાફાઈડ સર્ટીફીકેટ વિદ્યાર્થીઓને લાવવાનું રહેશે.)

૪. વડોદરા મહાનગરપાલિકાના સ્ટાફના કાયમી કર્મચારીઓનું સભ્યપદ વડોદરા મહાનગરપાલિકાના સ્ટાફના કાયમી કર્મચારી અથવા તેમના કુટુંબના સભ્યો જો સ્વીમીંગપુલના સભ્ય થવું હશે તો અલગ બતાવ્યા પ્રમાણેનું ફીનું ધોરણ રહેશે. આ માટે જે તે કર્મચારીએ ખાતાધિકારીનો દાખલો રજુ કરવાનો રહેશે.

૫. **માજી/ચાલુ મ્યુનિસિપલ સભાસદશ્રીઓ મ્યુનિસિપલ સેક્રેટરીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. :**

૬. **તરણ સ્પર્ધા :**

માન્ય સંસ્થાઓએ જે તે સ્વીમીંગપુલમાં સ્પર્ધા યોજવા માટેની અઠવાડીયા અગાઉ પરવાનગી મેળવી લેવાની રહેશે. તરણ સ્પર્ધાનાં આયોજનના દિવસના કે તેના ભાગ માટે ₹ ૧,૦૦૦/- ફી ભરીને તરણ સ્પર્ધા યોજી શકશે તથા સ્વીમીંગપુલનો ઉપયોગ તરણ સ્પર્ધાના સમય પૂરતો જ મર્યાદિત રહેશે.

## સમગ્ર સભા ઠરાવ અંક.૧૮૬ / તા.૨૦-૦૨-૨૦૧૯
## સને.૨૦૧૯-૨૦ નું સુધારેલ ફીનું ધોરણ નીચે મુજબ છે.

| લાગતનું નામ | ફી |
|---|---|
| ફોર્મ વેચાણ | ૨૦ |
| ટેસ્ટ ફી | ૩૦ |
| તરણ સ્પર્ધાના આયોજન (દિવસ કે તેના ભાગ માટે) | ૧૦૦૦ |
| ડુપ્લીકેટ ઓળખપત્રની ફી | ૫૦ |

| સામાન્ય સભ્ય (શિખાઉ) | |
|---|---|
| પ્રવેશ ફી | ૫૦ |
| માસિક સભ્ય ફી | ૭૦૦ |

| સામાન્ય સભ્ય (તરવૈયા) | |
|---|---|
| પ્રવેશ ફી | ૫૦ |
| માસિક સભ્ય ફી | ૫૦૦ |
| વાર્ષિક સભ્ય ફી (ફક્ત તરવૈયા) | ૪૫૦૦ |

| વિદ્યાર્થીઓ, મહાનગરપાલિકા સ્ટાફ તથા કુટુંબના સભ્યો, માજી/ચાલુ સભાસદો, મ્યુનિસિપલ પેન્શનરો | |
|---|---|
| પ્રવેશ ફી | ૨૫ |
| માસિક સભ્ય ફી (તરવૈયા) | ૨૫૦ |
| માસિક સભ્ય ફી (શિખાઉ) | ૭૦૦ |
| વાર્ષિક સભ્ય ફી (ફક્ત તરવૈયા) | ૨૦૦૦ |

**સમગ્ર સભા ઠરાવ અંક : ૧૮૪/૨૦૧૬-૨૦૧૭, તારીખ : ૦૩-૦૧-૨૦૧૭,**

**સને ૨૦૧૬-૨૦૧૭નું સુધારેલ ફીનું ધોરણ તેમજ**

**સમગ્ર સભા ઠરાવ અંક : ૧૪૪/૨૦૧૮-૨૦૧૯, તારીખ : ૧૯-૦૨-૨૦૧૮,**

**સને ૨૦૧૮-૨૦૧૯નું સુધારેલ ફીનું ધોરણ નીચે મુજબ છે.**

**પ્રવેશ પત્રની ફી ₹ ૨૦/-, ટેસ્ટ ફી ₹ ૩૦/-**

| | **વિગત** | **શીખાઉ ₹** | **તરવૈયા ₹** |
|---|---|---|---|
| **૧૦ વર્ષ (વ્યકિત ગત) :** | પ્રવેશ ફી | ૫૦૦/– | ૫૦૦/– |
| | ૧૦ વર્ષ ફી | ૫,૦૦૦/– | ૫,૦૦૦/– |
| | માસિક ફી (શીખાઉ) | ૨૦૦/– | – |
| | કુલ | ૫,૭૦૦/– | ૫,૫૦૦/– |
| **કુટુંબ માટે (૪ સભ્યો માટે) :** | પ્રવેશ ફી | ૫૦૦/– | – |
| | સભ્ય ફી | ૧૫,૦૦૦/– | – |

**નોંધ :** જે સભ્યો શીખાઉ હશે વ્યકિત દીઠ ₹ ૨૦૦/– શીખાઉ ફી માસિક ધોરણે વ્યકિતગત વધારાની ભરવાની રહેશે.

| | **વિગત** | **શીખાઉ ₹** | **તરવૈયા ₹** |
|---|---|---|---|
| **સામાન્ય સભ્ય :** | પ્રવેશ ફી | ૫૦/– | ૫૦/– |
| | સભ્ય ફી (ત્રિમાસિક) | ૫૦૦/– | ૫૦૦/– |
| | શીખાઉ ફી (માસિક) | ૨૦૦/– | – |
| | કુલ ફી | ૭૫૦/– | ૫૫૦/– |

**મહાનગરપાલિકા સ્ટાફ તથા કુટુંબના સભ્યો વિદ્યાર્થીઓ તથા માજી / ચાલુ સભાસદો**

**તેમજ મ્યુનિસિપલ પેન્શનરો (જરૂરી પ્રમાણપત્ર ચાલુ વર્ષનું રજૂ કરવાનું રહેશે.)**

| **વિગત** | **શીખાઉ ₹** | **તરવૈયા ₹** |
|---|---|---|
| પ્રવેશ ફી | ૨૫/– | ૨૫/– |
| સભ્ય ફી (ત્રિમાસિક) | ૨૫૦/– | ૨૫૦/– |
| શીખાઉ ફી (માસિક) | ૨૦૦/– | – |
| કુલ ફી | ૪૭૫/– | ૨૭૫/– |

**નિયમ અને સૂચનાઓ :**

૧. સ્વીમીંગપુલનું વર્ષ એપ્રિલથી માર્ચ સુધીનું ગણવામાં આવશે. (દરેક નવા નાણાંકીય વર્ષ ફોર્મ ભરી પ્રવેશ મેળવવો ફરજીયાત રહેશે. ફી માસવારી રહેશે.)

૨. સ્વીમીંગપુલના સભ્ય થવા ઈચ્છા ધરાવનાર દરેક અરજદારે મહાનગરપાલિકા દવાખાનાના ડૉક્ટરો અથવા માન્ય કરેલ ડૉક્ટરો એમ. બી. બી. એસ. કે તેનાથી વધુ કવોલીફીકેશનવાળા ડૉક્ટરોનું પ્રમાણપત્ર પ્રવેશપત્રમાં દર્શાવ્યા પ્રમાણે મેળવવાનું રહેશે.

૩. સ્વીમીંગપુલનો લાભ લેનાર વ્યક્તિએ તરતી વખતે તરવાનો ખાસ રંગીન પોષાક પહેરવાનો ફરજીયાત રહેશે. બહેનોએ તેમજ લાંબાવાળ ધરાવનાર વ્યક્તિએ ટોપી પહેરવાની ફરજીયાત રહેશે.

૪. તરવૈયા તરીકેનો સીધો પ્રવેશ મેળવવા માટે જે તે વ્યકિતને ઓછામાં ઓછું ૫૦ મીટર તરતાં આવડવું જોઈએ. આ માટે તેઓએ ₹ ૩૦/– ભરીને ટેસ્ટ આપવાનો રહેશે. આ અંગેનો ટેસ્ટ જે તે સ્વીમીંગપુલના માનદ્ ટ્રેનર્સ/કોચને આપવાનો રહેશે. સદર ટેસ્ટમાં ઉત્તીર્ણ થયા બાદ તેઓએ સીધા તરવૈયા તરીકે પ્રવેશ મળી શકશે.

૫. સ્વીમીંગપુલમાં દાખલ થનાર સભ્ય નિયત કરેલા સ્થળે સ્નાન કર્યા બાદ જ સ્વીમીંગપુલમાં પ્રવેશ કરવાનો રહેશે. સ્વીમીંગપુલમાં દાખલ થતી વખતે તેલ, સાબુ, કે એવા કોઈ પદાર્થ સભ્યે શરીર પર લગાવેલો હોવો જોઈએ નહીં.

૬. સ્વીમીંગપુલનો કોઈપણ સભ્ય સ્વીમીંગપુલમાં કે તેના કોઈપણ અન્ય સ્થળે કોઈપણ પ્રકારની ગંદકી કે ધુમ્રપાન કરશે નહી. અને સ્વીમીંગપુલના અધિકારીની સ્વચ્છતા અંગેની સૂચનાનું પાલન કરશે. સ્વીમીંગપુલમાં કોઈપણ સભ્ય કૂતરો કે પ્રાણી લાવી શકશે નહીં.

૭. સ્વીમીગપુલના બેચના દરેક સમયે મ્યુનિસિપલ કમિશનરશ્રી અગર ખાતાધિકારી નક્કી કરશે તે મુજબના રહેશે. સ્વીમીગપુલને ખુલ્લું કે બંધ રાખવાનો સમય સ્ત્રી – પુરૂષ કે શિખાઉ માટેના અલગ અલગ સમય વિગેરે મ્યુનિસિપલ કમિશનરનો નિર્ણય આખરી ગણાશે.

૮. કોઈપણ સભ્ય દિવસમાં એક વખત એક કલાક માટે સ્વીમીગપુલનો ઉપયોગ કરી શકશે. સમય પૂરો થયાની સૂચના મળતા બેલ વાગતાં દરેક સભ્યે સ્વીમીગપુલમાંથી બહાર નીકળી જવું ફરજીયાત રહેશે.

૯. સ્વીમીગપુલમાં દાખલ થતાં પહેલાં અને તેમાંથી બહાર નીકળ્યા પછી દરેક સભ્યે સ્વીમીગપુલના રજીસ્ટરમાં ભરવાની વિગત અને સહી સ્પષ્ટ અક્ષર વડે ભરવી આવશ્યક રહેશે.

૧૦. **લોકર્સ :** સ્વીમીગપુલમાં લોકર્સ માટે સભ્યે ત્રિમાસિક ₹ ૧૫૦/– અથવા વાર્ષિક ફી ₹ ૫૦૦/– ભરવાની રહેશે. તેમજ અનામત ₹ ૫૦/– ભરવાના રહેશે.

(અ) લોકર્સનું તાળું જે તે સમયે લાવવાનું રહેશે અને તેની સંપૂર્ણ જવાબદારી સભ્યની રહેશે.

(બ) લોકર્સ રાખનાર સભ્યની મુદત પૂરી થયે દિન–૪માં લોકર ખાલી નહી કરે તો લોકરનું તાળું તોડીને કબજો લેવામાં આવશે અને તે બાબતની કોઈપણ પ્રકારની ફરીયાદ ચાલશે નહી. અને અનામતની રકમ આ સંજોગોમાં જપ્ત કરવામાં આવશે.

૧૧. સ્વીમીગપુલના ડ્રાઈવીંગ બોર્ડ અથવા અન્ય કોઈ મિલ્કતનો સભ્ય કોઈ દુરઉપયોગ કરશે અથવા અશિસ્તભર્યું (ગેરવર્તણૂંક) વર્તન કરશે અથવા સ્વીમીગપુલના કોઈપણ નિયમનો ભંગ કરશે તો તેને બહાર કાઢવા સ્વીમીગપુલના અધિકૃત અધિકારીની સંપૂર્ણ સત્તા રહેશે. આવા સભ્યપદ રદ્દ કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીને સંપૂર્ણ સત્તા રહેશે. તેમજ સ્વીમીગપુલને થયેલ નુકશાન આવા સભ્ય પાસેથી વસૂલ કરવાની મ્યુનિસિપલ કમિશનરશ્રીને સત્તા રહેશે.

૧૨. સ્વીમીગપુલના નિયમો અથવા સ્વીમીગપુલને સ્પર્શતી કોઈપણ બાબત વિષે ઉપસ્થિત થયેલ પ્રશ્ન અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૧૩. સ્વીમીંગ કોસ્યુમ વગર કોઈપણ સભ્યને પ્રવેશ આપવામાં આવશે નહી. સ્વીમીગ કોસ્યુમ દરવાજે ચેકરને બતાવવાના રહેશે.

૧૪. તોફાની સભ્યનું સભ્યપદ તેમની વર્તણૂંક સંતોષકારક નહીં લાગે તો સ્વીમીંગપુલની બહાર કાઢવામાં આવશે. અને સભ્યપદ રદ્દ કરવામાં આવશે જેમાં તકરાર કે અપીલ ચાલશે નહીં.

૧૫. પ્રવેશ ફોર્મ સાથે બે ફોટા લાવવાના રહેશે.

૧૬. માન્ય સંસ્થાઓ તરફથી સ્પર્ધા યોજે તે દિવસે અને ગુરૂવારે સ્વીમીંગપુલ બંધ રહેશે.

૧૭. સભ્યએ જે સ્નાનાગારમાં પ્રવેશ મેળવેલ હશે તેનો પ્રવેશ તે સ્નાનાગાર પૂરતો મર્યાદિત રહેશે.

૧૮. દરેક સભ્યએ પોતાનું કાર્ડ પ્રવેશ કરતાં પહેલાં કાર્ડ ચેકરને અવશ્ય બતાવવાનું રહેશે અને ત્યારબાદ જ સ્વીમીગપુલમાં પ્રવેશને પાત્ર રહેશે તથા સ્વીમીંગપુલના કોઈપણ સભ્યનું કાર્ડ ખોવાઈ જાય તો ₹ ૫૦/– લાગત ફી લઈ ડુપ્લીકિટ કાર્ડ કાઢી આપવામાં આવશે. ડુપ્લીકિટ કાર્ડ માટે સભ્યે પોતાનો ફોટો નંગ–૧ આપવાનો રહેશે.

૧૯. સ્વીમીગપુલમાં કોઈ સભ્ય કે મહેમાનને અકસ્માત, શારીરિક હાની વ્યથા કે મૃત્યુ થાય કોઈ ચીજ વસ્તુ ખોવાય તે અંગેની કોઈપણ જવાબદારી મહાનગરપાલિકાની અથવા મ્યુનિસિપલ કમિશનર અગર આ અંગેની સત્તા આપી હોય તેવા અધિકારીની રહેશે નહીં.

મ્યુનિસિપલ કમિશનર
વડોદરા મહાનગરપાલિકા

## વિદ્યાર્થી અંગેનો દાખલો

આથી દાખલો આપવામાં આવે છે કે, શ્રી ........................................................................
......................................................અંગેની સ્કૂલ / કોલેજ / ધોરણમાં.................. અભ્યાસ કરે છે. તેઓ ચાલુ વર્ષના વિદ્યાર્થી છે.

તારીખ – –૨૦૧

આચાર્ય/ડીન સહી

શાળા/કોલેજનો સિકકો (શીલ)

શાળા/કોલેજના સિક્કા સાથે